# શ્રીમતિ એન.એચ.એલ.મ્યુનિસિપલ મેડીકલ કોલેજ
## (એ.એમ.સી.મેડીકલ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત)
### એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
# શોર્ટ ટેન્ડર ફોર્મ

મેડીકલ કોલેજમાં આવેલ કેન્ટીન ''લીવ એન્ડ લાયસન્સ'' કોન્ટ્રાકટથી ચલાવવા અંગેનું શોર્ટ ટેન્ડર ફોર્મ

**સૂચનાઓ :**

- ટેન્ડર ફી : રુ.૨૫૦૦/- + ૧૮ % જી.એસ.ટી.(ડીમાન્ડ ડ્રાફટ/પે ઓર્ડર/બેંકર્સ ચેક દ્વારા - ટેન્ડર ફોર્મ અને ટેકનીકલ બીડ સાથે મુકવી).
- અર્નેસ્ટ મનીની રકમ રુ.૧૦,૦૦૦/-(ડીમાન્ડ ડ્રાફટ/પે ઓર્ડર/બેંકર્સ ચેક દ્વારા - ટેન્ડર ફોર્મ અને ટેકનીકલ બીડ સાથે મુકવી).
- ટેન્ડર ભરવા માટેની નીચેની પદ્ધતિનો ઉપયોગ કરવો.
  - પ્રથમ કવરમાં : (ફાયનાન્સીયલ બીડ મૂકવું નહિ)
    1. ટેન્ડર ફોર્મ, દરેક પાના પર સહી સિકકા સાથે
    2. ટેકનીકલ બીડ
    3. જરુરી દસ્તાવેજી પુરાવાઓ
    4. ટેન્ડર ફીનો ડ્રાફટ
    5. અર્નેસ્ટમની ડીપોઝીટનો ડ્રાફટ
  - બીજા કવરમાં : ફાયનાન્સીયલ બીડ
  - ત્રીજા કવરમાં : ઉપરોકત બંને કવરો મુકી કવરને સીલ કરવું તથા કવર પર જે જગ્યા માટેનું ટેન્ડરનું હોય તે જગ્યાનું નામ, ટેન્ડરરનું નામ-સરનામું-સંપર્ક માટેની વિગતો લખવી અને નીચે દર્શાવ્યા મુજબ ટેન્ડર મોકલવાના સરનામે રુબરુ અથવા રજીસ્ટર્ડ પોસ્ટથી જ જમા કરાવવું.
- સદર ટેન્ડર રજીસ્ટર સ્પીડ પોસ્ટથી/ રુબરુ મોકલવાનું રહેશે.
- આ ટેન્ડરમાં જો કોઈ જરુરી માહિતી ભરેલી ન હોય કે અધુરી માહિતી હશે તો ટેન્ડર રદ થયેલ ગણવામાં આવશે.
- ટેન્ડર ફોર્મમાં સહી વગરની વિગત ધ્યાનમાં લેવામાં આવશે નહિ. દરકે પાના પર જો ટેન્ડરર દ્વારા સહી સિકકા કરવામાં આવેલ નહી હોય તો ટેન્ડર રદ બાતલ ગણાશે.
- ટેન્ડર સાથે રજૂ કરવામાં આવતા તમામ દસ્તવેજી પુરાવાઓ જેવા કે અગાઉના કરારના પત્રો, વર્ક ઓડરની નકલો, સંતોષકારક કામગીરી અંગેના સર્ટીફીકેટ, ગુમાસ્તાધારા રજીસ્ટ્રેશન, પ્રોફેશનલ ટેક્ષનું રજીસ્ટ્રેશન, નોંધણીના પ્રમાણપત્રો વગેરે પોતાની સહીથી સ્વયં પ્રમાણિત કરેલ હોવા જોઈશે અન્યથા ધ્યાને લેવામાં આવશે નહિ.
- ટેન્ડરનો સ્વીકાર કરવો કે ન કરવો તેનો અધિકાર સેક્રેટરીશ્રી, એ.એમ.સી.મેડીકલ એજયુકેશન ટ્રસ્ટનો રહેશે.

ટેન્ડરરની સહી અને સિકકો

**"APPROVED"**

**DEAN**

## ટેન્ડર સબમીશન અંગેની વિગતો

| ક્રમ | ટેન્ડરનું નામ | ભરવાની છેલ્લી તારીખ અને સમય | ટેન્ડર મોકલવાનું સરનામું | ટેકનીકલ બીડ ખોલવાનો સમય અને તારીખ |
|---|---|---|---|---|
| ૧ | શ્રીમતિ એન.એચ.એલ.મ્યુ.મેડીકલ કોલેજમાં આવેલ કેન્ટીન લીવ એન્ડ લાયસન્સના ધોરણે ચલાવવા અંગે | તા. ૨૦.૧૨.૨૦૨૨<br>સમય : ૦૫.૦૦ વાગ્યા સુધી | શ્રીમતિ એન.એચ.એલ.મ્યુ.મેડીકલ કોલેજ, વા.સા.જન.હોસ્પિટલ કેમ્પસ, એલિસબ્રીજ, અમદાવાદ- ૩૮૦ ૦૦૬ | તા. ૨૧.૧૨.૨૦૨૨<br>સમય : ૦૪:૦૦ વાગે |

ટેન્ડરરનું નામ

તથા

સરનામું

સંપર્ક :

ટેન્ડરરની સહી અને સિક્કો

## શ્રીમતિ એન.એચ.એલ.મ્યુનિસિપલ મેડીકલ કોલેજ
## એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ००૬
## કોન્ટ્રાકટરે ભરવાનું અરજી પત્રક
## (ટેકનીકલ બીડ)

૧) કોન્ટ્રાકટરનું પુરેપુરુ નામ :

૨) કોન્ટ્રાકટરનું પુરેપુરુ સરનામું :

૩) હાલનો વ્યવસાય અને વ્યવસાયનું સ્થળ :

૪) આ લાઈનનો અનુભવ વર્ષમાં :

૫) કેન્ટીનમાં વેચાણ કરવા માટેની ચીજ વસ્તુઓ વજનનું એકમ તથા તેમાં દર પોતે જે રાખવા માંગતા હોય તેની વિગત.

| અનું.નં. | વિગત | જથ્થો/પ્રમાણ | ભાવ પત્રક |
|---|---|---|---|
| ૧ | ચા-આખી | ૧૨૦ મીલી.લીટર | ૧૨ |
| ૨ | ચા-અડધી | ૬૦ મીલી.લીટર | ૬ |
| ૩ | કોફી-આખી | ૧૨૦ મીલી.લીટર | ૧૪ |
| ૪ | કોફી-અડધી | ૬૦ મીલી.લીટર | ૭ |
| ૫ | ૧) ફરસાણ (દરેક પ્લેટના)<br>- બટાકા પૌંઆ - ગોટા<br>- બટાકાવડા<br>- કટલેસ<br>- સમોસા(૨ નંગ)<br>- મુઠીયા<br>- ખમણ - પાત્રા<br>- ખાંડવી<br>- સેવ ખમણી<br>- દાળવડા<br>- ઉપમા<br>- બટાકા/ડુગળી ભજીયા<br>- ઈદડા<br>- ઢોકડા<br>-મેંદુવડા | ૧૦૦ ગ્રામ (ચટણી સાથે) | દરેકના ૨૫ |
| ૬ | - ચણાપુરી<br>- સમોસા ચાટ<br>- સેવપુરી ચાટ<br>- કચોરી ચાટ<br>- બ્રેડ રોલ<br>- બ્રેડ પકોડા<br>- ભેળ<br>- ચાઈનીસ સમોસા<br>- વધારેલી ઇડલી | | ૪૦<br>૨૫<br>૨૫<br>૨૫<br>૨૫<br>૨૫<br>૨૫<br>૨૫<br>૨૫ |

| | | | |
|---|---|---|---|
| | - પાપડી ચાટ<br>- આલુ ચાટ | | ૨૫<br>૨૫ |
| ૭ | સાઉથ ઈન્ડીયન<br>-ઈડલી સંભાર સાથે<br>- સાદા ઢોંસા સંભાર સાથે<br>-મસાલા ઢોંસા સંભાર સાથે<br>- અન્ય પ્રકારના ઢોંસા<br>- પ્લેન ઉત્તપમા સંભાર સાથે<br>-ઓનીયન ઉત્તપમા | | <br>૨૫<br>૩૦<br>૪૦<br>૫૦<br>૪૦<br>૪૦ |
| ૮ | સેન્ડવીચ/પફ<br>- બ્રેડ બટર<br>- બ્રેડ જામ<br>- આલુમટર<br>- વેજીટેબલ<br>- ચીઝ સેન્ડવીચ<br>- ચીઝ ચટની સેન્ડવીચ<br>- વેજ ગ્રીલ સેન્ડવીચ<br>- ચીઝ ગ્રીલ સેન્ડવીચ<br>- વેજ ચીઝ ગ્રીલ સેન્ડવીચ<br>- કલબ સેન્ડવીચ<br>- બટર મસ્કાબન<br>- બટર જામ મસ્કાબન<br>- પફ<br>- ચીઝ પફ<br>- વડા પાંઉ<br>- દાબેલી<br>- પીઝા(૬ ઈચ વ્યાસ) | <br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક<br>એક | <br>૨૦<br>૨૦<br>૨૫<br>૨૫<br>૩૦<br>૪૦<br>૪૦<br>૫૦<br>૫૦<br>૮૦<br>૨૦<br>૨૫<br>૨૫<br>૩૦<br>૨૦<br>૨૦<br>૬૦ |
| ૯ | પુરી-શાક/પરોઠા શાક<br>(૭ નંગ પુરી / ૨ પરોઠા ૧૦૦ ગ્રામ શાક આપવામાં આવશે.)<br>- વેજી.પુલાવ<br>- ભાજીપાંઉ | | ૩૦<br><br>૪૦<br>૫૦ |
| ૧૦ | ફીકસ લંચ / ડીનર<br>(દાળ-ભાત,શાક, કઠોળ, રોટલી(૫),કચુંબર,આચાર) | | ૪૫ |
| ૧૧ | -મેગી<br>- ચાઈનીઝ નુડલ્સ, ફ્રાઈડ રાઈસ, ઇડલી ચીલ્લી,<br>- મન્ચુરીયન નુડલ્સ , ચાઈનીસ ભેળ , ફ્રેન્કી | | ૩૦<br>૪૦<br>૪૦ |

૬) પેકીંગમાં વેચવામાં આવતી ખાદ્યપદાર્થોની વસ્તુ જે તે પ્રોડકટ ઉપર છાપેલા MRP ભાવ મુજબ લેવાના રહેશે.

૭) સરકારશ્રી દ્વારા પ્રતિબંધિત કરેલ પ્લાસ્ટીકની ચીજવસ્તુઓનો ઉપયોગ થાય તેવા ખાદ્યપદાર્થોનું વેચાણ કરી શકાશે નહી.

૮) ભવિષ્યમાં સરકારશ્રી તરફથી જે તે વસ્તુઓના વેચાણ પર પ્રતિબંધ ફરમાવામા આવે તેવી ચીજવસ્તુઓનું વેચાણ કરી શકાશે નહિ.

૯) કરાર સમય દરમ્યાન ભાવોમાં વધઘટ કરી શકાશે નહીં.

૧૦) વધારાની કઈ સગવડો તેઓ સંસ્થાના વિદ્યાર્થીઓને આપી શકે તે છે તેની વિગતઃ

૧૧) બે પ્રમાણપત્રો સામેલ કરવા જરુરી છે. અગાઉ અગર હાલમાં કોન્ટ્રાકટર તરીકે હોય તે તે સંસ્થાનું પ્રમાણપત્ર અવશ્ય સામેલ કરવું. :

૧.

૨.

૧૨) વિશેષ જે કોઈ માહિતી આપવી હોય તે :

૧૩) નાસ્તાનું અઠવાડીક મેનું

| સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|
| ઈડલી | ઉપમા | બટાકા પૌઆ ભાજીપાઉં | મસાલા ઢોંસા ચાઈનીઝ | મેંદુવડા | ઈડલી |
| ભાજીપાઉં | સમોસા | ગોટા | બટાકા વડા | ચણાપુરી | ઉપમા |
| દાળવડા | બટાકા/ડુંગળીના ભજીયા | પાત્રા | કટલેશ | ગોટા | સેન્ડવીચ |
| કટલેસ | દાબેલી | વડાપાઉં | સમોસા | પાત્રા | સમોસા |
| બટાકા પૌંઆ | સેન્ડવીચ | મસ્કાબન | દાબેલી | વડાપાઉં | વેજી.પુલાવ |
| પાત્રા | વેજી.પુલાવ | દાળવડા | ભજીયા | મસ્કાબન | કટલેસ |

- આમ ઉપરોકત જણાવ્યા પ્રમાણે ઓછામાં ઓછા ૬ નાસ્તા દિવસ દરમ્યાન ગરમ આપવાના રહેશે.
- લંચ બપોરના સમયે દરરોજ બનાવવાનું રહેશે.
- અઠવાડીયામાં એક વખત ચાઈનીઝ આઈટમ બનાવવાની રહેશે.

૧૪) વિશેષ જે કાંઈ માહિતી આપવી હોય તો તે :

તારીખ : 

કોન્ટ્રાકટરની સહી

# શ્રીમતિ એન.એચ.એલ.મ્યુનિસિપલ મેડીકલ કોલેજ
# એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

મ્યુનિસિપલ મેડીકલ કોલેજ કેન્ટીનની સામાન્ય માહિતી તેમજ શરતો નીચે મુજબ છે.

૧) કેન્ટીન રવિવાર સિવાયના તમામ દિવસોએ સવારના ૮.૦૦ થી સાંજના ૧૦.૦૦ કલાક સુધી ચાલુ રાખવાની રહેશે. કેન્ટીનના સમય દરમ્યાન જરુર જણાતા ડીનશ્રીની સુચના અનુસાર ફેરફાર કરવાનો રહેશે.

૨) કેન્ટીનમાં વપરાશમાં લેવામાં આવતી લાઈટો, પંખા, વોટર કુલર, ફ્રીઝ, ડીપફ્રીઝ, સગડીઓ, હોટ પ્લેટ, ઓવન વિગેરે વીજળીનો વપરાશ કરતા સાધનો માટે લાઈટનું બીલ કેન્ટીન ચલાવનાર કોન્ટ્રાકટરે ચુકવવાનું રહેશે. જેના માટે અલગથી મીટર મુકવામાં આવશે.

૩) સંસ્થા તરફથી વિદ્યાર્થીઓને બેસવા માટેનો ફર્નીચર તથા ૨૪ કલાક પાણીની સગવડ પુરી પાડવામાં આવશે તથા અનિવાર્ય સંજોગોમાં પાણીની વ્યવસ્થા કોન્ટ્રાકટરે કરવાની રહેશે.

૪) કોન્ટ્રાક્ટરે જે તે માસના ભાડા પેટે ડી.ડી./ઇ.સી.એસ. થી જમા કરાવવાનું રહેશે તથા જે તે માસનું ભાડુ/પ્રીમિયમ માસની ૧ થી ૧૦ તારીખમાં ભરવાનું રહેશે જો તેમાં કસુર થશે તો ૧૦ તારીખ બાદ પેનલ્ટી પેટે એક દિવસના રૂ. ૨૫૦/- લેખે ભરવાના રહેશે.

૫) કોન્ટ્રાકટરે ડીનશ્રીની સુચના અનુસાર અઠવાડિયાનું મેનુ બનાવવાનું રહેશે.

૬) કોન્ટ્રાકટરે સંસ્થા સાથે કેન્ટીન કોન્ટ્રાકટથી ચલાવવા જરુરી ભાડા પેટે કરાર કરવાનો રહેશે.

૭) ટેન્ડર એવોર્ડ કરવાની પધ્ધત્તિ નીચે મુજબ રહેશે.

માર્કિંગ સીસ્ટમ

(૧) અનુભવ - કેન્ટીન ચલાવવા અંગેનો (વર્ક ઓર્ડર/અનુભવ, પ્રમાણપત્રના આધારે)

| | | |
|---|---|---|
| ૧ વર્ષ થી ઓછો | - | ૨ માર્ક |
| ૧ વર્ષથી ૩ વર્ષ | - | ૪ માર્ક |
| ૩ વર્ષથી ૫ વર્ષ | - | ૬ માર્ક |
| ૫ વર્ષથી વધુ | - | ૧૦ માર્ક |

(૨) મેડીકલ/ડેન્ટલ કોલેજમાં કેન્ટીન ચલાવવાનો અનુભવ

| | | |
|---|---|---|
| ૧ વર્ષ થી ઓછો | - | ૨ માર્ક |
| ૧ વર્ષથી ૩ વર્ષ | - | ૪ માર્ક |
| ૩ વર્ષથી ૫ વર્ષ | - | ૬ માર્ક |
| ૫ વર્ષથી વધુ | - | ૧૦ માર્ક |

(૩) ઈન્કમટેક્ષ રીટર્ન આધારે (છેલ્લા ત્રણ વર્ષનો સરવાળો - ગ્રોસ આવકનો)

| | | |
|---|---|---|
| ૪ લાખથી ઓછુ | - | ૨ માર્ક |
| ૪ થી ૬ લાખ સુધી | - | ૪ માર્ક |
| ૬ લાખથી ૮ લાખ સુધી | - | ૬ માર્ક |
| ૮ લાખથી વધુ | - | ૧૦ માર્ક |

(૪) બ્લેક લીસ્ટ / લીટીગેશન હીસ્ટ્રી

હા - ૦

ના - ૨ માર્ક

દરેક ટેન્ડર ભરનાર માટે ઉપરોકત માર્કિંગ સીસ્ટમ અનુસાર ગુણાંકન કરવામાં આવશે.

ગુણાંકનના આધારે કવોલિફાઇ થનાર ટેન્ડરરના ભાવ પત્રકો ખોલવા અંગેનો નિર્ણય લેવામાં આવશે.

ભાવ પત્રકો ખોલ્યા બાદ, ટેન્ડરર દ્વારા ભરવામાં આવેલ ભાવ ને ઉપરોકત ગુણાંકન માં મેળવવામાં આવેલ ગુણ સાથે ગુણવામાં આવશે અને જે ટેન્ડરનો સદરહુ ગુણાકાર થયેલ ભાવ સૌથી મહત્તમ આવશે તેને ટેન્ડર એવોર્ડ કરવામાં આવશે.

દા.ત. ટેન્ડર ભરનાર એજન્સી ત્રણ છે તો,

| વિગત | એજન્સી - ૧ | એજન્સી - ૨ | એજન્સી - ૩ |
|---|---|---|---|
| ગુણાંકન -૧ મુજબ મળેલ માર્ક | ૧૦ | ૬ | ૪ |
| ગુણાંકન -૨ મુજબ મળેલ માર્ક | ૧૦ | ૬ | ૪ |
| ગુણાંકન -૩ મુજબ મળેલ માર્ક | ૧૦ | ૬ | ૪ |
| ગુણાંકન -૪ મુજબ મળેલ માર્ક | ૨ | ૨ | ૨ |
| મેળવેલ કુલ ગુણ | ૩૨ | ૨૦ | ૧૪ |
| ભરેલ માસિક ભાવ રૂા. | ૩૦,૦૦૦ | ૩૫,૦૦૦ | ૪૦,૦૦૦ |
| ગુણાકાર | ૯,૬૦,૦૦૦ | ૭,૦૦,૦૦૦ | ૫,૬૦,૦૦૦ |

ઉપરોકત સંજોગોમાં ટેન્ડર એવોર્ડ એજન્સી નં. ૧ ને આપવામાં આવશે.

સદર ભરેલ ટેન્ડર તા.૨૦.૧૨.૨૦૨૨ સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં રજી.પોસ્ટ, સ્પીડ પોસ્ટ, રુબરુથી ટેન્ડર ડીનશ્રી, શ્રીમતિ એન.એચ.એલ.મ્યુ.મેડીકલ કોલેજ,એલિસબ્રીજ, અમદાવાદ-૬ ની વહિવટી ઓફિસમાં મોકલી આપવાના રહેશે. અર્નેસ્ટમની સિવાયનું ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિ અને જો સ્વીકારેલ હશે તો રદબાતલ ગણવામાં આવશે તેમજ ટેન્ડર કવર ઉપર ટેન્ડરની વિગત સ્પષ્ટ શબ્દોમાં જણાવવાની તથા ટેન્ડર ઓપનીંગની તારીખ તથા સમય લખવાનો રહેશે. ટેન્ડરની અર્નેસ્ટમની પેટે ડીમાન્ડ ડ્રાફ્ટ "એ.એમ.સી.મેડીકલ એજયુકેશન ટ્રસ્ટ, અમદાવાદ" ના નામનો ટેન્ડર સાથે મોકલવાનો રહેશે.

તારીખ :

કોન્ટ્રાકટરની સહી

# <u>શ્રીમતિ એન.એચ.એલ.મ્યુનિસિપલ મેડીકલ કોલેજ</u>
# <u>એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬</u>
## <u>શરતો</u>

૧. સદરહુ કેન્ટીન રાખનારે ઓફર કરેલ અને મંજૂર થયેલ માસિક લાયસન્સ ફી મુજબની ત્રણ માસની રકમ ડીપોઝીટ (વગર વ્યાજે) તરીકે આપવાના રહેશે.

૨. કેન્ટીનની જગ્યાના ઉપયોગ માટેની લાયસન્સ ફી દર માસની ૧ થી ૧૦ તારીખમાં આપવાની રહેશે. જો ૧૦ તારીખ બાદ ભાડુ ભરવામાં આવશે તો પ્રતિ દિન ૨૫૦ રૂ. પેનલ્ટી ભરવાની રહેશે.

૩. કેન્ટીનની જગા લાયસન્સી તરીકે આપવામાં આવશે અને તે સક્ષમ સત્તાની લેખિત સંમતિ વગર કોઈને ટ્રાન્સફર થઈ શકશે નહિ.

૪. કેન્ટીનમાં નકકી થયા મુજબની આઈટમો/વાનગીઓ દૈનિક જરુરી જથ્થામાં રાખવાની રહેશે. સદરહુ વાનગીઓ ઉચ્ચ ગુણવત્તાવાળી, સારી કક્ષાની તેમજ સ્વચ્છ વાસણ પ્લેટમાં કર્મચારી સ્ટાફને આપવાની રહેશે. વાનગી બનાવટ અંગે ડીનશ્રીની સુચના અનુસાર કરવાની રહેશે તથા ડીનશ્રીનો નિર્ણય આખરી ગણવાનો રહેશે.

૫. કેન્ટીન અંગેની કાયદાકીય જોગવાઈ જેવી કે ફેકટરી એકટ, પ્રો.ફંડ એકટ, બોનસ એકટ, ઈ.એસ.આઈ.એકટ, લેબર એકટ વિગેરે જેવી કે અન્ય તમામ કાનુનોનું બરાબર પાલન કરવાની સંપૂર્ણ જવાબદારી કેન્ટીન કોન્ટ્રાકટરની રહેશે.આ બાબતોમાં કોઈ કાનુન ભંગ થયેલ હશે તેના કારણે કોઈ દંડ કે અન્ય જવાબદારી ઉપસ્થિત થશે તો તે રકમ કોન્ટ્રાકટર પાસેથી વસુલ કરવામાં આવશે. જે તે અંગે કોઈ કાનૂની કે સરકારી કાર્યવાહી કરવાની થશે તે કરવાની જવાબદારી કેન્ટીન કોન્ટ્રાકટરની રહેશે.

૬. કેન્ટીન માટેની જરુરી પરમીટ હેલ્થ લાયસન્સ વગેરે મેળવવાની જવાબદારી લાયસન્સી રહેશે.

૭. સદરહુ કેન્ટીનની જગ્યા આગળ તથા અંદર કોઈ પણ જાતની ગંદકી ન થાય અને સ્વચ્છતા જળવાઈ રહે તે પ્રમાણેની વ્યવસ્થા તથા ખર્ચ લાયસન્સીએ કરવો પડશે અને તે વ્યવસ્થા આધુનિક ઢબે રાખવી પડશે.

૮. અનિવાર્ય સંજોગોમાં પાણીની વ્યવસ્થા લાયસન્સીએ પોતે કરવાની રહેશે જેનો ખર્ચ જે તે લાયસન્સીએ ભોગવવાનો રહેશે. જે અંગેનો કોઇ પણ પ્રકારનો ખર્ચ માંગી શકશે નહી.

૯. કેન્ટીનના નોકરોના પોષાક-યુનિફોર્મ સ્વચ્છ, કર્મચારી સામે વિવેકભરી વર્તણૂંક અને આકર્ષાય તેવી ચા/નાસ્તો વિગેરેની સગવડ કરવી પડશે તથા કેન્ટીનના નોકરો ધુમ્રપાન,ગુટકા વિગેરેના વ્યસની ન હોવા જોઈએ તથા કેન્ટીનમાં આવનાર કોઈપણ વ્યકિત સાથે ગેરવર્તણૂંક ચલાવી લેવામાં આવશે નહિ, તેનું લાયસન્સીએ ધ્યાન રાખવાનું રહેશે.

૧૦. દરેક શરતોનું પાલન બાબતમાં સક્ષમ સત્તાનો નિર્ણય માન્ય રાખવો પડશે.

૧૧. શૈક્ષણિક સંસ્થાઓમાં કેન્ટીન ચલાવવાનો પાંચ વર્ષનો અનુભવ જરુરી છે. મેડીકલ / ડેન્ટલ કે અન્ય કોલેજોમાં કેન્ટીન ચલાવનારને પ્રથમ પસંદગી આપવામાં આવશે. ટેન્ડર સાથે અનુભવ અંગેના સંસ્થાના વડા પાસેથી મેળવેલ સર્ટીફીકેટ સામેલ કરવા ફરજીયાત છે.

૧૨. કેન્ટીન કોન્ટ્રાકટર અધવચ્ચે કેન્ટીન ચલાવવાનું બંધ કરી શકશે નહી તેમજ કોન્ટ્રાકટ કરેલ સમય માટે કેન્ટીન ચલાવવાની રહેશે. જો કેન્ટીન કોન્ટ્રાકટર અધવચ્ચે કેન્ટીન ચલાવવાનું બંધ કરશે તો તેની ડીપોઝીટની રકમ જપ્ત કરી કાનુની કાર્યવાહી કરવામાં આવશે.

૧૩. કેન્ટીન કોન્ટ્રક્ટરે નક્કી કરવામાં આવેલ માસિક ભાડાની રકમ માસની ૧૦ તારીખ સુધી કોલેજમાં જમા કરાવવાની રહેશે.જો નિયમિત જમા નહી કરાય તો રોજના ૨૫૦/- રૂપિયા લેખે પેનલ્ટી વસુલ કરવામાં આવશે.

૧૪. કેન્ટીન કોન્ટ્રાકટર પાસે જે કાંઈ મ્યુનિસિપલ મેડીકલ કોલેજનું લેણું હશે તે પ્રથમ મ્યુનિસિપલ મેડીકલ કોલેજમાં જમા કરાવવાનું રહેશે. કોઈ લેણાની રકમ જમા કરાવશે નહિ તો તેવા સંજોગોમાં તેમના વાસણો કે અન્ય વસ્તુઓ મ્યુનિસિપલ મેડીકલ કોલેજ નોટીસ આપી જપ્ત કરી શકશે તે અંગે કોઈ તકરાર કે કોર્ટ કેસ કરી શકશે નહીં.

૧૫. સદરહુ કરારની મુદત ત્રણ વર્ષની રહેશે. કરારના સમય ગાળા દરમ્યાન કયારે પણ જો કોન્ટ્રાકટરની કેન્ટીન ચલાવવા બાબતની કામગીરી માટે અસંતોષ થાય તો એક માસની નોટીસ આપી સદરહુ કરાર રદ કરી શકાશે અને કેન્ટીનનો કબજો પરત લઈ શકાશે.

૧૬. ઈ.એમ.ડી. રીફન્ડ બાબતે કંપનીનો બેંક ખાતા નંબર, બેંકનું નામ, બ્રાન્ચનું નામ, બેંકનો માઈકર નંબરની વિગત ટેન્ડર ફોર્મ સાથે સામેલ કરવાના રહેશે.

૧૭. સદરહુ કેન્ટીન પ્રિમાઈસીસને કોઈપણ જાતનું નુકશાન ન થાય તેની તકેદારી રાખવાની રહેશે અન્યથા નુકશાનીનો ડીનશ્રી દ્વારા નકકી કરવામાં આવેલ ખર્ચ ઈજારદારે ભરપાઈ કરવાનું રહેશે તેમજ કેન્ટીનમાં કોઈપણ ગેરકાનૂની પ્રવૃત્તિ કરવી નહિ/ કરાવવી નહિ. જો કોઈ આવી પ્રવૃત્તિ જાણમાં આવશે તો તેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે અને કરાર રદબાતલ કરવામાં આવશે અને ડીપોઝીટની રકમ જપ્ત કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

૧૮. ટેન્ડર ભરનારે આ સાથે સામેલ નમૂના મુજબની બ્લેક લીસ્ટ/ ડીબાર ન થયા હોવા અંગેની એફીડેવીડ સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઈઝડ કરીને રજૂ કરવાની રહેશે. જેના વગર ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે.

૧૯. અન્ય કોઇ સંસ્થા કે જ્ગ્યાએ બ્લેક લીસ્ટ / ડી બાર થયેલ એજન્સી અત્રેની ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લઇ શકશે નહીં. તદ્દપરાંત આવી કોઇ એજન્સી નામ બદલીને અત્રેની ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેશે અને ધ્યાન પર આવશે તો તેનું ટેન્ડર રદ બાતલ ગણવામાં આવશે. અગાઉ બ્લેક લીસ્ટ કે ડી બાર થયેલ કોઇ એજન્સીના પ્રોપરાઇટર / પાર્ટનર / ડીરેકટર / સંચાલક કે અન્ય હોદ્દેદાર ટેન્ડર ભરનાર એજન્સી સાથે સંકળાએલ હશે તો પણ તેનું ટેન્ડર રદ બાતલ ગણવામાં આવશે.

૨૦. કરારના સમય દરમ્યિાન ટેન્ડર ભરનાર સદરહુ કામગીરી અન્ય કોઇને સબલેટ / આઉટસોર્સ કરી શકશે નહીં તથા પેટા કોન્ટ્રાક્ટ કરી શકશે નહિ અને જો તેમ કરેલ હોવાનું જણાઇ આવશે તો તાકિદની આસરથી કરાર રદ કરવામાં આવશે.

૨૧. કોઈપણ કાયદાકીય બાબત અંગે **Ahmedabad jurisdiction** રહેશે.

તારીખ : કોન્ટ્રાકટરની સહી

## (Rs. 300/-  Stamp parper)

અમોએ એ.એમ.સી. મેડિકલ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા બહાર પાડવામાં આવેલ "શ્રીમતી એન.એચ.એલ. મ્યુ. મેડિકલ કોલેજની કેન્ટીન ''લીઝ એન્ડ લાયસન્સ'' કોન્ટ્રાકટથી ચલાવવા" ભરેલ છે અને તે બાબતે સોગંદપૂર્વક ખાત્રી આપીએ છીએ કે, અમારી એજન્સી અગાઉ કોઈ સંસ્થા / જગ્યાએ બ્લેક લીસ્ટ કે ડી બાર થયેલ નથી. વધુમાં ખાત્રી આપતા અમો / હું જણાવીએ છીએ કે અગાઉ બ્લેક લીસ્ટ કે ડી બાર થયેલ કોઈ એજન્સીના પ્રોપરાઈટર / પાર્ટનર / ડીરેકટર / સંચાલક કે અન્ય હોદ્દેદાર ટેન્ડર ભરનાર સદરહુ એજન્સી સાથે સંકળાએલ નથી.

સંસ્થાના વડાની સહી :

સંસ્થાનો સિક્કો :

નોટરી ના સહી - સિક્કા

# <u>ફાયનાન્સીયલ બીડ</u>

(૧) શ્રીમતિ એન.એચ.એલ.મ્યુ.મેડીકલ કોલેજની કેન્ટીન લીવ એન્ડ લાયસન્સ ધોરણે  માસિક લાયસન્સ ફી ભરી ચલાવવા માટે હું / અમે તૈયાર છીએ.

| ક્રમ | જગ્યાનું નામ | ઓફર કરેલ માસિક લાયસન્સ ફી રુ. |
|---|---|---|
| ૧ | શ્રીમતિ એન.એચ.એલ.મ્યુ.મેડીકલ કોલેજની કેન્ટીન | |

(૨) સદરહુ ટેન્ડરની તમામ શરતોનું પાલન કરવાની હું સોગંદપૂર્વક ખાતરી આપું છું.

તારીખ :  કોન્ટ્રાકટરની સહી

ટેન્ડરરની સહી અને સિકકો